**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૩૭ ટકા


# આજથી સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવ

## વસંતોત્સવનું આ વર્ષે સરિતા ઉદ્યાન સાથે તોરણ રેસ્ટોરન્ટ સુધી વિસ્તરણ













ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક ઈન્દ્રોડા ગામની સીમમાં નદીના કોતરોમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભારતના વિવિધ રાજયોમાંથી આવેલા કલાકારો પોતાના પ્રાદેશિક નૃત્યો અને સંસ્કૃતિ રજૂ કરશે. આ સાથે હાથ બનાવટની કલાત્મક ચીજવસ્તુઓનું બજાર ઉભું કરવામાં આવ્યું છે. જયારે નૃત્ય અને સંગીત નિહાળવા આવતા નગરજનો માટે ૯૦થી વધુ ફૂડ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. વસંતોત્સવના રજતજયંતિ વર્ષ નિમિત્તે ગુજરાતી ખ્યાતનામ કલાકારો, ગઝલ, લોકગીતોની રમઝટ બોલાવશે. સંસ્કૃતિકુંજ ખાતે વિવિધ રાજયોના પ્રાદેશિક નૃત્યો યોજાશે જયારે સરિતા ઉદ્યાનમાં જાણીતા કલાકારો દ્વારા સંગીતના સુર રેલાશે. તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭ વાગ્યે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવનું ઉદઘાટન થશે. આજના પ્રથમ દિવસે ઓડીસી નૃત્ય અને મનહર ઉધાસનો સંગીત કાર્યક્રમ યોજાશે.

શહેરમાં યોજાનાર વસંતોત્સવની તૈયારી શરૂ થઈ ગઈ છે. દર વર્ષની જેમ સંસ્કૃતિકુંજ ખાતે યોજાનાર વસંતોત્સવનું આ રજતજયંતિ વર્ષ છે આજે સાંજે ૭ વાગ્યે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વસંતોત્સવનું ઉદઘાટન કરવામાં આવશે. આ વર્ષે સંસ્કૃતિકુંજમાં ૨૦૦થી વધુ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે તથા આ વર્ષે સરિતા ઉદ્યાન સુધી વસંતોત્સવને વિસ્તારવામાં આવ્યો છે. ગુજરાતના કલાકારોનો સંગીત કાર્યક્રમ સરિતા ઉદ્યાન ખાતે યોજાનાર છે જેની પ્રવેશ ફી રાખવામાં આવી નથી. આ ઉપરાંત આ વર્ષે ફૂડકોર્ટની વ્યવસ્થા સરિતા ઉદ્યાનની બાજુમાં સ્થિત તોરણ રેસ્ટોરન્ટ ખાતે કરવામાં આવી છે. જેમાં બે થી વધુ ગેટ રાખવામાં આવ્યા છે એક ગેટ સરિતા ઉદ્યાનમાંથી અને બીજો રોડ સાઈડથી સવારે ૧૧ થી ૧૦ વાગ્યા સુધી અહીં પ્રવેશ લઈ શકાશે. ૯૦થી વધુ ફુડ સ્ટોલમાં અમૂલ, ડોમીનોઝ, સબ-વે, હેવમોર, વાડીલાલ જેવી જાણીતી બ્રાન્ડ સાથે ગાંધીનગરના ફેમસ પૂજા, રાધે, વિપુલ દુધિયા, ગ્વાલિયા સાથે વિવિધ વાનગી સાથે અનેક ફૂડ સ્ટોલનો સમાવેશ કરવામાં આવ્યો છે. સંસ્કૃતિકુંજની પ્રવેશ ફી દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટેરા માટે ૧૦ રૂપિયા અને બાળકો માટે ૫ રૂપિયા એમ રાખવામાં આવી છે. નગરજનોને શહેરમાં દસ દિવસ યોજાનાર વસંતોત્સવમાં આનંદ, પ્રમોદ અને સંગીતના સૂરનો આનંદ લેવા પરિવાર સાથે પધારવા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા જણાવાયું છે.

## જુની ટાટા ટેલિકોમ કંપનીના વિખૂટાં પડી ગયેલા સહકર્મચારીઓનું રિ-યુનિયન



ગાંધીનગર, તા. ૨૪

એવું કહેવાય છે કે સાચી સમૃધ્ધિ તમારા બેંક એકાઉન્ટમાં કેટલા નાણાં પડયા છે તેનાથી નહીં પરંતુ તમે જીવનમાં કેટલા મિત્રો બનાવ્યા છે તેના પરથી અંકાય છે. 'દોસ્તી' એક માત્ર સંબંધ એવો હોય છે જે માનવી પોતાની પસંદગીથી બાંધે છે અને ઈચ્છે ત્યારે તોડી શકે છે. જો કે સાચો દોસ્તીનો સંબંધ જીવનપર્યંત છુટતો નથી પછી ભલેને મિત્રો સાથે વર્ષો સુધી મુલાકાત પણ ના થાય. આ વાત ગાંધીનગરની ટાટા ચોકડીએ સ્થિત હાલ 'એજીસી નેટવર્ક' તરીકે ઓળખાતી કંપનીના કર્મચારીઓના શનિવારની સાંજે ઈન્ફોસિટી રિસોર્ટ કલબ ખાતે યોજાયેલા રિ-યુનિયન સમારંભમાં સાબિત થવા પામી હતી.

ગાંધીનગરમાં ૧૯૮૮માં કાર્યરત ટાટા ટેલિકોમ કંપની જેના પગલે ક-૬ સર્કલનું નામ પણ આજદિન સુધી 'ટાટા ચોકડી' પડેલું છે તે કંપનીના ફાઈનાન્સ તથા એકાઉન્ટ વિભાગમાં કાર્યરત અને હાલ કારિકર્દીમાં દેશ વિદેશમાં વિવિધ સ્થળે પ્રસરાયેલ સહકર્મચારીઓ એકઠાં થયા હતા. આ કાર્યક્રમના વિચારક સૌમિત્રા બસુ જેઓ ઓસ્ટ્રેલિયાથી કોલકાતા થઈને ગાંધીનગર આવ્યા હતા તો સીએફઓ રવિ પંડિત પૂણેથી પધાર્યા હતા. સી.પી. તાંબે મુંબઈથી આવ્યા તો પ્રદિપ જોશી લખનૌથી આવી પહોંચ્યા હતા. સોશ્યલ મિડિયાથી એકબીજા સાથે સંકળાયેલા અને તેનો જ ઉપયોગ કરીને ફરી બધાએ એક સાથે મળીને શનિવારની સાંજ ખૂબ મસ્તી અને ઉમંગથી વિતાવી અને જુની યાદોને તાજી કરી હતી. ગાંધીનગરથી સ્નેહલ શેલત અને શૈલેષ મુન્શી સહિત અન્ય મિત્રોએ કાર્યક્રમના આયોજનની વ્યવસ્થા સંભાળી લીધી હતી. કાર્યક્રમમાં ૨૫ મિત્રો જેઓ એક જ કંપનીમાં કાર્યરત હતા તેઓ ફરી મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ટાટા ટેલિકોમ કંપનીનું નામ પછીથી અવાયા ગ્લોબલ થયું હતું અને હાલ તે એજીસી નેટવર્ક તરીકે ઓળખાય છે.



ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્ર દ્વારા એમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અમદાવાદ આગમન પ્રસંગે મોટેરા ખાતે ગુજરાતના લોકનૃત્ય ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

## વસંતોત્સવ માણવા બસોની ખાસ વ્યવસ્થા

### એસ.ટી. દ્વારા ૭ રૂટ પર ૫૦થી વધુ ગામો માટે ખાસ વ્યવસ્થા : સરિતા ઉદ્યાનથી માત્ર ૧૦૦ મીટરના અંતરે ત્રણ જગ્યાએ વિશાળ પાર્કિંગની સુંદર વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨૪

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત વસંતોત્સવ – ૨૦૨૦ના "રજત જયંતિ વર્ષ" નું ગુજરાતના મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે તારીખ ૨૫-૦૨-૨૦૨૦ના રોજ સાંજે ૧૯.૦૦ કલાકે સરિતા ઉદ્યાન ખાતે ઉદઘાટન કરવામાં આવશે. ગુજરાત અને દેશનો સાંસ્કૃતિક વારસો લોકો સુધી પહોંચે તથા તે આશયથી લોકો આપણી સાંસ્કૃતિક વિરાસતની જાણકારી મેળવે તે માટે પાછલા ચોવીસ વર્ષથી સંસ્કૃતિકુંજ, ગાંધીનગર ખાતે વસંતોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વસંતોત્સવમાં "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની થીમ પર સરિતા ઉદ્યાન ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

વધુમાં ગાંધીનગરની આસપાસના ૫૦ કીલોમીટરની હદમાં આવેલ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકો સરળતાથી અને વધુમાં વધુ પ્રમાણમાં વસંતોત્સવની મજા માણી શકે તે આશયથી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આવાગમન માટે ખાસ બસો મુકવામાં આવી છે. આ બસ તારીખ ૨૫ ફેબ્રુઆરી થી ૫ માર્ચ સુધી દરરોજ અમદાવાદ, મહેસાણા અને હિંમતનગર વિભાગના નિયત કરેલા રૂટ પરથી સાંજે ૧૮.૦૦ કલાકે ઉપડશે અને રાત્રે ૨૩.૦૦ કલાકે સરિતા ઉદ્યાનથી નિયત રૂટ પર થઈ પરત ફરશે. નિયત રૂટમાં અમદાવાદ ગીતામંદિર, બાપુનગર, બોપલ, દહેગામ બસ સ્ટેન્ડ, ચંદ્રાલા, કલોલ અને માણસા બસ સ્ટેન્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રૂટ પરથી ઉપડનાર બસો દ્વારા ૫૦ જેટલા ગામડાઓને આવરી લેવામાં આવ્યા છે. જેથી લોકો ભરપૂર માત્રામાં વસંતોત્સવની મજા માણી શકે. વસંતોત્સવના "રજત જયંતિ વર્ષ"ની ભવ્ય ઉજવણી થનાર હોઈ ખૂબજ મોટી સંખ્યામાં લોકો સંસ્કૃતિકુંજની મુલાકાત લેશે.

વસંતોત્સવમાં આવનાર લોકોને વાહન પાર્કિંગની તકલીફ ના પડે તે માટે પણ સુંદર આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સરિતા ઉદ્યાનથી માત્ર ૧૦૦ મીટરના અંતરે ઈન્દ્રોડા ગામ પાસે આવેલા બળીયાદેવના મંદિર આગળ મોટા મેદાનમાં, સમર્પણ કોલેજના મેદાનમાં તથા અકિલા પ્રેસની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં વિશાળ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સૌને સરળતા રહે તે પ્રકારે ગોઠવાયેલી વ્યવસ્થામાં વસંતોત્સવ માણવા આવનાર લોકો પોતાના વાહનો પાર્ક કરી વંસતોત્સવની મજા માણી શકશે.

## સિસિકા દ્વારા રકતદાન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૪

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ગાંધીનગર વૈષ્ણવ સમાજના સહકારથી રકતદાન શિબિર સે-૨૧ સ્થિત ગોવર્ધનનાથજી હવેલી પરિસર ખાતે યોજાઈ હતી. આ શિબિરમાં ૧૫ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. જેમાં રકતદાતા જયપ્રકાશ શાહે ૩૧મી વાર તથા ૭ રકતદાતાઓએ આજે ૧૦ કરતા વધુ વાર રકતદાન કરી સૌને પ્રોત્સાહન પુરું પાડયું હતું. આ સેવા કાર્યમાં ગાંધીનગર સિવિલના ડૉ. નિતલ પંચાલ તથા સાથીઓ સાથે સિસિકાના સભ્યો અને વૈષ્ણવ સમાજના સભ્યોનો ખાસ ફાળો રહ્યો હતો.

## 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમને પગલે ચિલોડા-અડાલજ માર્ગ પર ટ્રાફિકજામના દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ મોટેરા સ્ટેડીયમ ખાતે આજે સવારથી પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને પગલે અમદાવાદ તરફના કેટલાક માર્ગો પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. નાગરીકોને આવન-જાવન માટે અન્ય માર્ગનો ઉપયોગ કરવો પડ્યો હતો ત્યારે ગાંધીનગરની નજીક આવેલા ચિલોડાથી અમદાવાદ તરફના હાઈ વે માર્ગ અને એસપી રીંગ રોડ પર બસ અને અન્ય વાહનોનો ખડકલો થઈ જતા સામાન્ય નાગરીકોને કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ ગયા હતા. જયારે અડાલજ થી અમદાવાદ તરફના માર્ગ પર પણ આ પરિસ્થિતિ સર્જાઈ હતી. ટ્રાફિક જામને પગલે સ્ટેડીયમમાં કાર્યક્રમને નિહાળવા જતા કેટલાક નાગરીકો પણ અટવાઈ ગયા હતા. તો બીજી તરફ બસો પણ આ ટ્રાફિકમાં અટવાઈ જવા પામી હતી. જયારે ટ્રાફિક હળવો થાય તે માટે ટ્રાફિક જવાનો સતત ખડેપગે સેવા બજાવી રહ્યા હતા. જો કે એક કલાકની ભારે જહેમત બાદ ટ્રાફિક હળવો થવા પામ્યો હતો. ત્યારબાદ મોટેરા સ્ટેડિયમ ખાતે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ થોડો સમય ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

## જી થ્રી સાઈકલ ક્લબ દ્વારા ૨૫ કિમી સાઈકલ રેસ યોજાઈ



રવિવારે સવારે જી થ્રી સાયકલ ક્લબના ડાયરેક્ટર પિંકી જહા દ્વારા ૨૫ કિલોમીટરની સાયકલ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાહપુર બ્રિજથી શરૂ કરી ગાંધીનગરના ફરતે ૨૫ કિમી થઈને વળી પાછી એ જ જગ્યાએ રેસ પૂરી થઈ હતી. પિંકી જહા કે જેઓ ગાંધીનગરના સાયકલ મેયર તરીકે પણ ઓળખાય છે એમણે સુંદર રેસનું આયોજન કર્યું હતું. સવારે સાડા છ વાગ્યે જાણીતા સાયક્લિસ્ટ વિવેક શાહ અને મેરેથોન રનર સંજય થોરાત આ રેસને ફ્લેગ ઓફ કરી શરૂ કરવામાં આવી હતી. આ રેસમાં ૨૬ જણાએ ભાગ લીધો હતો. ભાગ લેનારા સૌને સરસ મજાનો સાયકલ મોમેન્ટો આપવામાં આવ્યો હતો. પ્રથમ ત્રણ વિજેતાને રોકડ પારિતોષિકથી પણ નવાજવામાં આવ્યા હતા. આ રેસમાં સ્નેહા પટેલ સહિત અનેક લોકોએ પોતાની સેવાઓ આપી હતી.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫

**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

**મલંગ**
૧.૩૫, ૬.૧૦

**તાન્હાજી** - ૧૨.૫૦

**સિટી પલ્સ, કુડાસણ**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૨.૩૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**ભૂત ધ હોન્ટેડ શીપ**
૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦

**લવ આજ કલ ૨૦૨૦**
૧૨.૪૫

**મલંગ**
૯.૪૫

**તાન્હાજી**
૩.૪૫

**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૧૦, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૨૦, ૨.૨૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૫૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૫, ૧૦.૦૫

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૨૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૧.૨૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, ૯.૧૫, ૧૦.૧૫

**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫

**મલંગ**
૬.૫૫

**સ્ટ્રીટ ડાન્સર ૩-ડી**
૬.૧૫

## @ગાંધીનગર

● આજે વિકલાંગ સમૂહ લગ્નોત્સવ સવારે ૮ થી ૧૨ દરમિયાન સે-૧૬ સ્થિત રંગમંચ ખાતે યોજાશે.

## આંતરરાષ્ટ્રીય વૉલીબૉલ ટૂર્નામેન્ટમાં મહેસૂલ વિભાગ ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેકટર-૨૧માં સચિવાલય જીમખાના ખાતે રાજય સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા આયોજિત સચિવાલય આંતર વિભાગીય વૉલીબૉલ સ્પર્ધા ૨૦૧૯-૨૦ અંતર્ગત રમાયેલી ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં મહેસુલ વિભાગ અને સામાન્ય વિભાગની ટીમો વચ્ચે ટકકર થઈ હતી. અત્યંત રસાકસી ભરેલી આ મેચમાં મહેસુલ વિભાગે સામાન્ય વિભાગની ટીમ સામે રોચક વિજય પ્રાપ્ત કર્યો હતો અને આંતર વિભાગીય વૉલીબૉલ સ્પર્ધામાં ચેમ્પિયન રહેવાની પરંપરા જાળવી રાખી હતી. મહેસુલ વિભાગની ટીમમાં પી.સી. ગટાડની કેપ્ટનશીપ હેઠળ આર.ડી. મકવાણા, કે.બી. પટણી, વી.એ. પંચાલ, યશ દેસાઈ, બી.આર. રાઠવા, નિકુલ ચૌધરી, પી.વી. ડોડિયા, હાર્દિક પટેલ વગેરે ખેલાડીઓ રમ્યા હતા જયારે ડી.જે. ચૌધરીએ ટીમ મેનેજર તરીકે સેવાઓ આપી હતી.